પરિપત્ર:

વિષય: વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ચૂંટણી ફરજ પર નિમવાનાં સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.

સંદર્ભ: મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ નાં પત્ર ક્રમાંક મતય/ચટણ/વિ.સા.ચું./સ્ટાફ ડેટાબેઝ /03/ ૨૦૨૨, તા. ૨૧/03/૨૦૨૨.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ શહેર વિસ્તારમાં આવતી તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે આગામી સમયમાં યોજાનાર વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવાનો હોવાથી આ સાથે સામેલ નિયત નમૂનાના પત્રક "Statement-A" માં EXCEL FORMAT માં અંગ્રેજીમાં આપની કોલેજ/અનુસ્નાતક કેન્દ્રોના તમામ કર્મચારીઓની વિગતની માહિતી તૈયાર કરી "**મદદનીશ ચૂંટણી અધિકારી, ૮૬, જૂનાગઢ વિધાનસભા મતવિસ્તાર અને મામલતદાર(શહેર)ની કચેરી, તાલુકા સેવા સદન, પહેલો માળ, સરદારબાગ પાસે, જૂનાગઢ – ૩૬૨૦૦૧**" વળતી ટપાલે (દિન-૧માં) તેમજ EMP-01 મુજબની માહિતીની હાર્ડકોપી તા.૦૧/૦૪/૨૦૨૨ સુધીમાં તથા aerojndcity@gmail.com. પર સોફ્ટકોપી (સી.ડી.) મોકલી આપવા જણાવવામાં આવે છે તેમજ તેની એક નકલ અત્રેની યુનિવર્સિટીના ઇ.મેલ. આઇ.ડી. academicbknmu@gmail.com. પર જાણ અર્થે અચૂકપણે મોકલી આપવી.

કા.કુલસચિવ

બિડાણ:- મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ નાં પત્ર ક્રમાંક મતય/ચટણ/વિ.સા.ચું./સ્ટાફ ડેટાબેઝ/03 /૨૦૨૨, તા. ૨૧/03/૨૦૨૨.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૫૮/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૫/03/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ શહેર વિસ્તારમાં આવતી તમામ કોલેજના આચાર્યશ્રીઓ,
અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# મદદનીશ ચૂંટણી અધિકારી

૮૬ જુનાગઢવિધાનસભા મતવિસ્તાર અને મામલતદાર (શહેર)ની કચેરી,
તાલુકા સેવા સદન, પહેલો માળ, સરદારબાગ પાસે, જુનાગઢ–૩૬૨૦૦૧
Phone/Fax No.:(0285)2636011


**<u>રજી.એડી.</u>**
**<u>ઈલેકશન અરજન્ટ</u>**
નં.મતય/ચટણ/વિ.સા.ચું./સ્ટાફ ડેટાબેઝ/૦૩/૨૦૨૨ — તા.૨૧/૦૩/૨૦૨૨

પ્રતિ,

૧. રજીસ્ટ્રારશ્રી, શ્રી ભકત કવિ નરસિંહ મહેતા, યુનિ., ખડીયા, તા.જી.જુનાગઢ

૨. એસ.પી.શ્રી, હેડ પોસ્ટ ઓફીસ, ગાંધીગ્રામ, જુનાગઢ

૩. મેનેજરશ્રી, બી.એસ.એન.એલ. જુનાગઢ

૪. મેનેજરશ્રી, લીડ બેંક, એસ.બી.આઇ, એમ.જી. રોડ, જુનાગઢ

૫. મેનેજરશ્રી, જે.ડી.સી.સી બેંક, જુનાગઢ

૬. રજીસ્ટ્રારશ્રી, જુનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સીટી, જુનાગઢ

૭. ડાયરેકટરશ્રી, મગફળી સંશોધન કેન્દ્ર, જુનાગઢ

૮. જોઇન્ટ કમીશ્નરશ્રી, ઇન્કમ ટેક્ષ રેન્જ-૧/૨, જુનાગઢ

૯. આસીસ્ટન્ટ કમીશ્નરશ્રી, સેન્ટ્રલ જી.એસ.ટી ડિવિઝન, જુનાગઢ

૧૦. મેનેજરશ્રી,ઓરીએંટલ ઈંસ્યુરન્સ કં.લી.,જુનાગઢ

૧૧. મેનેજરશ્રી,લાઈફ ઈંસ્યુરન્સ કં.લી.,જુનાગઢ

૧૨. મેનેજરશ્રી,નેશનલ ઈંસ્યુરન્સ કં.લી.જુનાગઢ

વિષયઃ–વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨
××××××××××××××××××××××××××××××××××××××××××××××
ચૂંટણી ફરજ પર નિમવાના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.

સંદર્ભઃ–(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૧૦/૦૩/૨૦૨૨ ના પત્ર નં.ઈએલસી–૨૦૨૨–૦૫–છ(પોલીંગ સ્ટાફ)

(૨) શ્રી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સાહેબ, જૂનાગઢના તા.૧૬/૦૩/૨૦૨૨ ના પત્ર નં.ચટણ/વિ.સા.ચું./સ્ટાફ ડેટાબેઝ/૨૦૨૨

ઉપરોકત વિષય પરત્વે શ્રી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સાહેબ, જૂનાગઢના તા.૧૬/૦૩/૨૦૨૨ ના સંદર્ભ–૨ તળેના પત્રથી આગામી સમયમાં યોજાનાર વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ અન્વયે સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા સુચના થઈ આવેલ છે. જે વિગતે આ સાથે સામેલ **<u>નિયત નમુનાના પત્રક''STATEMENT-A''માં EXCEL FORMAT માં અંગ્રેજીમાં જુનાગઢ</u>**


GENERAL REGISTER
Inward No. 1690
Date 24/3/22

AFFILIATION
Inward No. 532
Dt. 25-3-2022

''શહેર વિસ્તારમાં આવતી આપની તથા આપના તાબાની કચેરીઓની'' માહિતી તૈયાર કરી અત્રેની કચેરીમાં ''વળતી ટપાલે(દિન-૧માં)''હાર્ડ કોપી તથા સોફટ કોપી અત્રેની કચેરીનાં E-MAIL ADDRESS- aerojndcity@gmail.com પર મોકલી આપવા વિનંતી છે.

તેમજ EMP-01 પત્રક રાજય સરકારની કચેરીઓ તથા સ્થાનિક સંસ્થાની કચેરીઓ માટે તથા EMP-02 બેન્ક/એલઆઈસી તથા કેન્દ્ર/રાજય સરકારના જાહેર સાહસોની કચેરીઓ માટે ''જુનાગઢ શહેર વિસ્તારમાં આવતી આપની તથા આપના તાબાની કચેરીઓની''જરૂરી વિગતો સાથેની ક્ષતિરહીત માહિતી SHRUTI FONT માં ગુજરાતીમાં ભરી અત્રેને તા.૦૧/૦૪/૨૦૨૨ સુધીમાંહાર્ડ કોપી તથા સોફટ કોપી (સી.ડી.) અત્રેને મુદામ મોકલી આપવા વિનંતી છે.

## સદરહું માહિતી આપતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે.

સ્ટાફની વિગતોમાં કોઈ ક્ષતી રહેવા ન પામે તથા કર્મચારી / અધિકારીના બેન્ક ખાતાની વિગત ( IFSC કોડ સહિત ) માં પણ કોઈ ભૂલ રહેવા ન પામે તેની પૂરતી કાળી રાખવી.

આપની કચેરીના તમામ કર્મચારીઓની માહિતી આપવી ફરજીયાત છે અને જો કોઈ કર્મચારી/ અધિકારીની માહિતી આપવામાં આવશે નહી તો તેની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે.

ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા ૧૯/૦૯/૨૦૦૮ ના પત્રની સુચના મુજબ ફરજ પર નીમવામાં આવનાર કર્મચારી મતદાર હોવો જોઈએ અને મતદાર ફોટો ઓળખપત્ર ધરાવતા હોવા જોઈએ. આ માટે જે તે સંસ્થા પાસેથી નિયત પત્રકમાં માહિતી માંગવામાં આવે તેમા મતદારના મતાદરયાદીમાં નામની નોંધની વિગતો માંગવામાં આવી છે. આ માહિતી જો તે કર્મચારી પાસે ન હોય તો મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ CEO.GUJARAT.GOV.IN પરથી જાણી શકાશે. તેવી જાણ સંસ્થા પાસે માહિતી માંગતા પત્રમાં જે તે સંસ્થાને કરવી. કોઈ કર્મચારીનું નામ મતદારયાદીમાં નોંધાયુ ન હોય તો સંબંધિત અધિકારી/ કર્મચારી પાસે ફોર્મ-૬ માં અરજી અત્રેને રજુ કરવાનું રહેશે, તેમજ જો કોઈ મતદારયાદીમાં નામમાં ભુલ હોવાનું અધિકારી / કર્મચારી જણાવે તો તે કર્મચારી પાસે ફોર્મ-૮માં અરજી અત્રેને રજુ કરવા જણાવવું. આમ છતા જો કોઈ અધિકારી / કર્મચારી મતદારયાદીમાં નામ નોંધાવવા કે મતદાર ઓળખકાર્ડ મુળવવા ઉત્સાહ ન દર્શાવે તો પણ મતદાન સ્ટાફમાં તેઓની માહિતી અવશ્ય રજુ કરવાની રહેશે. મતદાર યાદીમાં નામ ન નોંધાવવુ કે મતદાર ઓળખકાર્ડ ન મેળવવું તે ચૂંટણી ફરજ ટાળવા માટેનું બહનું ન બની જાય તે જોવા વિનંતી છે.

અધિકારી/કર્મચારી ના પગાર ધોરણની વિગત ફેબ્રુઆરી-૨૦૨૨ ની પગાર સ્લીપ મુજબ આપવા તેમજ ફીક્સ પગારવાળા કિસ્સમાં ફકત ગ્રોસ પગાર જ દર્શાવવાનું રહેશે.

સુચના મુજબ આપની કચેરીના આપની કચેરી સંબંધિ માહિતી બાબતમાં વિશેષ જાણકારી /સ્પષ્ટતા માટે આપની કચેરીના નોડલ ઓફીસરનુ નામ, સરનામું, ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબર અચૂક મોકલવાના રહેશે. સોફટવેરમાં ડેટા એન્ટ્રી થઈ ગયા બાદ જે-તે કચેરીના નોડલ ઓફિસર પાસે તે એન્ટ્રીની વિગતો સાચી છે કે કેમ? તેની ખરાઈ કરાવવામાં આશવે.

આપના ધ્વારા માહિતી મોકલ્યા પછી જો કોઈ કર્મચારીની નવી નિમણુંક , બદલી, બઢતી, નિવૃતિ વગેરે કારણોસર ફેરફાર થાય તો તેની જાણ અત્રેને ફરજ મુકત/ફરજ જોડાણના બીજા દિવસે જ અવશ્ય કરવાની રહેશે.

આપની કચેરીની માહિતી ક્ષતિરહિત,સ્પષ્ટ અને કોઈ કર્મચારી બાકી રહેતા નથી અને ભવિષ્યમાં ફેરફાર થયે બીજા દીવસે જ માહિતી મોકલી આપવામાં આવશે તે અંગેનું સામેલ પ્રમાણપત્ર પણ મોકલી આપવું.શારીરીક અશકત કર્મચારી તેમજ મહિલા કર્મચારી મતદાન સ્ટાફમાંથી નિમણુંક આપવામાંથી મુકિતને પાત્ર (જેવી કે સગર્ભા મહિલા) છે તેઓની વિગત આપી તેઓ ચૂંટણી ફરજ બજાવવામાં મુકિતને પાત્ર છે.જે અંગેના સક્ષમ આધારો પણ સામેલ રાખવા.

ઉકત વિગતો ધ્યાને લઈ માંગ્યા મુજબના પત્રકમાં માહિતી નિયત સમય પહેલા સોફટ/હાર્ડ કોપીમાં મોકલી આપવા વિનંતી છે.તેમજ આ માહીતી તા.૦૧/૦૪/૨૦૨૨ સુધીમાં અત્રે તે ન મોકલાવ્યે ઉપસ્થિત થનાર જવાબદારી કચેરીનાં વડાની રહેશે.જે અંગેઅંગત લક્ષ્ય આપવું.તેમજ ઉપરોકત કચેરીઓની માહિતી મુદત હરોળમાં મોકલાઈ જાય તે અંગેનું નિયમિત ફોલોઅપ લેવા વિનંતી.

બિડાણઃ-ઉપર મુજબ

મદદનીશ ચૂંટણી અધિકારી
૮૬ વિધાનસભા મતવિસ્તાર અને
મામલતદાર-જુનાગઢ (શહેર)

**નકલ સવિનય રવાના:-(જાણ અર્થે.)**

(૧)શ્રી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સાહેબ, જૂનાગઢ

(૨)શ્રી ચૂંટણી અધિકારી, ૮૬-જુનાગઢ વિધાનસભા મતવિસ્તાર અને નાયબ કલેકટર સાહેબ,જુનાગઢ

Contact Person-J.V.Dhak
J.V.Dhakan, Dy.Mamlatda
7574852429

# STATEMENT-A

Name of District:

| Sr.No. | Institution* | Designation of Authority # | Branch/Add1 @ | Add2 | Add3 |
|---|---|---|---|---|---|
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |

* બેન્ક, યુનિવર્સીટી, કોર્પોરેશન, સરકારી કંપની...વગેરે કચેરીનું નામ.

# સબંધિત સંસ્થાના વડાનો હોદ્દો જેમકે Manager, Branch Manager, Commissioner, Chief Officer...વગેરે

@ બ્રાંચ નું નામ અથવા સંસ્થા/કચેરી જે વિસ્તારમાં આવેલ હોય તે મુખ્ય વિસ્તારનું નામ.

Add2, Add3 સંસ્થા/કચેરીનું સરનામું

<u>નોંધ : ઉક્ત માહિતી માત્ર અંગ્રેજીમાં અને Excel sheet માં જ આપવી તથા FTP પર પણ Excel sheet જ upload કરવી.</u>

EMP-01

# કચેરીના સ્ટાફની માહિતીનું પત્રક-રાજ્ય સરકારની કચેરીઓ તથા સ્થાનિક સંસ્થાની કચેરીઓ માટે

કચેરીનું નામ :

કચેરીનું પુરૂ સરનામું :

સંપર્ક નંબર :

મહેકમની બાબતો સંભાળતા અધિકારીનું નામ અને હોદ્દો :

કચેરી જે વિધાનસભા મતવિભાગમાં આવે છે તે મતવિભાગનું નામ :

| ક્રમ નં. | અધિકારી/ કર્મચારીનું પુરૂ નામ | પુરુષ/ સ્ત્રી | ઉંમર | હોદ્દો | વર્ગ i/ii/ iii/ iv | પગાર ધોરણ # | | બેઝીક પગાર | કુલ પગાર | અધિકારી /કર્મચારીનું | | મતદાર ફોટો ઓળખ પત્ર (EPIC) નંબર | મતદાર તરીકેની વિગત | | | અધિકારી/ કર્મચારીની વય નિવૃત્તિની તારીખ | ખાસ રિમાર્કસ [અપંગ/સગર્ભા/ ગંભીર બીમારી] | અધિકારી/ કર્મચારીનો સંપર્ક નંબર (મોબાઈલ) | અધિકારી/કર્મચારી ની બેન્ક ખાતા નંબર | બેન્કનું નામ અને IFSC કોડ | અગાઉની ચૂંટણી ફરજનો હોદ્દો (પ્રિસાઈડીંગ/ પોલીંગ/ઝોનલ ઓફીસર / પટાવાળા વિગેરે) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | છઠ્ઠા પગાર પંચ મુજબ | સાત મા પગાર પંચ મુજબ | | | મુળ વતનનું સરના મું | હાલનું રહેણાંક નું સરનામું | | AC | PART | Sr. NO | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| | | | | | | | | | | | | | | | | | | | | | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની કચેરીના તમામ અધિકારી/કર્મચારીની વિગત ઉપર મુજબ છે અને કોઈ અધિકારી/કર્મચારીની વિગત બાકી રહેતી નથી. ઉપર આપેલી માહિતી કચેરીના રેકર્ડ મુજબ બરાબર છે.

કચેરીના વડા/મહેકમ ઈન્ચાર્જની સહી

તારીખ :

નોંધ : (૧) મતદાર તરીકેની વિગત શોધવા માટે ceo.gujarat.gov.in વેબ સાઈટ ઉપર "Search your name in the Voter's List" મેનુમાં જઈ નામ આધારે અથવા EPIC નંબર આધારે સર્ચ કરી વિગતો ભરવી.

(૨) જો કર્મચારી "ફીક્સ પગાર" મેળવતા હોય તો કોલમ ૭-૮-૯-૧૦ માં કુલ ફીક્સ પગાર જ દર્શાવવો.

(૩) મૂળ વતનના સરનામાની વિગતમાં ગામ/શહેરનું નામ, તાલુકો અને જિલ્લો દર્શાવવો. જો ગુજરાત રાજ્ય બહારના વતની હોય તો જે તે રાજ્યનું નામ દર્શાવવું.

# છઠ્ઠુ પગાર ધોરણ કે સાતમું પગાર પંચ પૈકી કર્મચારી જે પગાર ધોરણ મેળવતા હોય તેની જ વિગતો પુરી પાડવી.

EMP-02

# કચેરીના સ્ટાફની માહિતીનું પત્રક-બેન્ક/એલઆઈસી તથા કેન્દ્ર/રાજ્ય સરકારના જાહેર સાહસોની કચેરીઓ માટે

કચેરીનું નામ :

કચેરીનું પુરૂ સરનામું :

સંપર્ક નંબર :

મહેકમની બાબતો સંભાળતા અધિકારીનું નામ અને હોદ્દો :

કચેરી જે વિધાનસભા મતવિભાગમાં આવે છે તે મતવિભાગનું નામ :

| ક્રમ નં. | અધિકારી/ કર્મચારીનું પુરૂ નામ | પુરુષ/ સ્ત્રી | ઉંમર | હોદ્દો | વર્ગ (મેનેજરીયલ/ સુપરવાઈઝરી /ક્લાર્ક) | બેઝીક પગાર | કુલ પગાર | અધિકારી /કર્મચારીનું | | મતદાર ફોટો ઓળખ પત્રક (EPIC) નંબર | મતદાર તરીકેની વિગત | | | અધિકારી/ કર્મચારીની વય નિવૃતિની તારીખ | ખાસ રિમાર્કસ [અપંગ/ સગર્ભા/ ગંભીર બીમારી] | અધિકારી/ કર્મચારીનો સંપર્ક નંબર (મોબાઈલ) | અધિકારી/કર્મચારીનો બેન્ક ખાતા નંબર | બેન્કનું નામ અને IFSC કોડ | અગાઉની ચૂંટણી ફરજનો હોદ્દો (માઈક્રોઓબ્ઝર્વર / પ્રિસાઈડીંગ/પોલીંગ/ ઝોનલ ઓફીસર/ પટાવાળા વિગેરે) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મુળ વતનનું સરનામું | હાલનું રહેણાંકનું સરનામું | | AC | PART | Sr. No. | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| | | | | | | | | | | | | | | | | | | | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની કચેરીના તમામ અધિકારી/કર્મચારીની વિગત ઉપર મુજબ છે અને કોઈ અધિકારી/કર્મચારીની વિગત બાકી રહેતી નથી. ઉપર આપેલી માહિતી કચેરીના રેકર્ડ મુજબ બરાબર છે.

કચેરીના વડા/મહેકમ ઈન્ચાર્જની સહી

તારીખ :

નોંધ : (૧) મતદાર તરીકેની વિગત શોધવા માટે ceo.gujarat.gov.in વેબ સાઈટ ઉપર "Search your name in the Voter's List" મેનુમાં જઈ નામ આધારે અથવા EPIC નંબર આધારે સર્ચ કરી વિગતો ભરવી.

(૨) જો કર્મચારી "ફીક્સ પગાર" મેળવતાં હોય તો કોલમ ૭ અને ૮ માં કુલ ફીક્સ પગાર જ દર્શાવવો.

(૩) મૂળ વતનના સરનામાની વિગતમાં ગામ/શહેરનું નામ, તાલુકો અને જિલ્લો દર્શાવવો. જો ગુજરાત રાજ્ય બહારના વતની હોય તો જે તે રાજ્યનું નામ દર્શાવવું.